# ગુજરાત વૉટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમીટેડ

GWIL

(ગુજરાત સરકારનું સાહસ)

ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧, પ્રથમ માળ, સેકટર-૧૦, ગાંધીનગર - ૩૮૨ ૦૧૦.

ફોન : (079) 23239537 ✦ મોબાઈલ : 9978441147/48 ✦ ફેક્સ : (079) 23222396

e-mail : gwilcompany1@gmail.com


જા.નં.GWIL/એબી/ઔધોગિક વપરાશ/૫૫૮/૨૦૨૦ તારીખ: ૩૧/૦૩/૨૦૨૦

પ્રતિ,

સીનીયર મેનેજરશ્રી(તમામ)

GWIL,

મેનેજરશ્રી(તમામ)

**વિષયઃ- ઔધોગિક વપરાશ માટે અપાતા પાણીના દરોમાં કરવાના થતાં વધારાના બાબત.**

અનુઃ- (૧) ચીફ જનરલ મેનેજરશ્રી(નાણાં) ના પત્ર ક્રમાંકઃ- GWIL/ઔધોગિક વપરાશ/૫૫૩, તા.૩૧/03/૨૦૧૮

(૨) અધિક સચિવ(યોજના) ના ઠરાવ ક્રમાંકઃ-GWIL/૧૦૨૦૧૩/૧૬૭/ખ-૪, સચિવાલય, ગાંધીનગર તા.૧૬/૦૭/૨૦૧૮

(૩) ચીફ જનરલ મેનેજર(નાણાં) નો પત્ર ક્રમાંકઃ-GWIL/ઔધોગિક વપરાશ/૧૧૫૧, તા.૧૯/૦૭/૨૦૧૮

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત સરકારનો ઠરાવ ક્રમાંકઃ- વીડબલ્યુએસ/૧૦/૨૦૧૨/૧૬૭/ખ-૪, સચિવાલય, ગાંધીનગરનો તા.૦૩/૦૨/૨૦૧૫ નો ઠરાવ ધ્યાને લેવા વિનંતી. જે જોતા ઔધોગિક વપરાશ માટે અપાતા પાણીના દરોમાં નીચે પ્રમાણે વધારો કરવાનો રહેશે.

વર્ષ-૨૦૧૫-૧૬ માં ૧૯.૪૮ + ૬.૦૦ = ૨૫.૪૮ (પ્રતિ ૧૦૦૦ લીટર) (અગાઉ સુચના આપેલ છે.)
વર્ષ-૨૦૧૬-૧૭ માં ૨૧.૪૪ + ૬.૦૦ = ૨૭.૪૪ (પ્રતિ ૧૦૦૦ લીટર) (અગાઉ સુચના આપેલ છે.)
વર્ષ-૨૦૧૭-૧૮ માં ૨૩.૫૮ + ૬.૦૦ = ૨૯.૫૮ (પ્રતિ ૧૦૦૦ લીટર) (અગાઉ સુચના આપેલ છે.)
વર્ષ-૨૦૧૮-૧૯ માં ૨૫.૯૪ + ૬.૦૦ = ૩૧.૯૪ (પ્રતિ ૧૦૦૦ લીટર) (અગાઉ સુચના આપેલ છે.)
વર્ષ-૨૦૧૮-૧૯ માં ૨૫.૯૪ + ૧૦.૦૦ = ૩૫.૯૪ (પ્રતિ ૧૦૦૦ લીટર) (અગાઉ સુચના આપેલ છે.)
વર્ષ-૨૦૧૯-૨૦ માં ૨૮.૫૩ + ૧૪.૦૦ = ૪૨.૫૩ (પ્રતિ ૧૦૦૦ લીટર) (અગાઉ સુચના આપેલ છે.)
વર્ષ-૨૦૨૦-૨૧ માં ૩૧.૩૮ + ૧૫.૪૦ = ૪૬.૭૮ (પ્રતિ ૧૦૦૦ લીટર)

આ સાથે સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડનો ઠરાવ ક્રમાંકઃ- સસનનિલિ/૧૧૦૩/૧૫/વોમાસેલ/ભાગ-૨, તા.૦૫/૦૫/૨૦૦૭ સામેલ છે. તેમજ નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ઠરાવ ક્રમાંકઃ- વીડબલ્યુએસ/૧૦૨૦૧૩/૧૬૭/ખ-૪, સચિવાલય, ગાંધીનગર તા.૧૬/૦૭/૨૦૧૮ ના ઠરાવ અનુસાર ઔધોગિક પાણીના વપરાશનો દર વર્ષ ૨૦૨૦-૨૧ માટે રૂ.૪૬.૭૮/૧૦૦૦ લીટર ધ્યાને લેવાનો રહેશે અને તે પ્રમાણે સિક્યુરીટી ડિપોઝીટની રકમ વસુલાત કરવાની રહેશે.

ચીફ જનરલ મેનેજર(નાણાં)

E:\K. B.SHAH Krishna_2017\NEW RATE 30.03.19.docx

Scanned by CamScanner

રાજયમાં ઔદ્યોગિક વપરાશ માટે પાણી પુરવઠા વિભાગ દ્વારા અપાતા પાણીના દરની સુધારણા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંક:-વીડબલ્યુએસ/૧૦૨૦૧૩/૧૬૭/ખ-૪,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૧૬/૦૭/૨૦૧૮

3579
19/07/18

વંચાણે લીધા:-

૧. પાણી પુરવઠા પ્રભાગના ક્રમાંક:- મુ.ઈ.અ.સ./પાણીના દર/૨૦૦૭/પી.એ./૪/ખ-૪, તા.૦૮/૦૨/૨૦૦૭.

૨. પાણી પુરવઠા વિભાગના ઠરાવ ક્રમાંક:-વીડબલ્યુએસ/૧૦૨૦૧૩/૧૬૭/ખ-૪, તા.૦૩/૦૨/૨૦૧૫

૩. પાણી પુરવઠા વિભાગના ઠરાવ ક્રમાંક:-વીડબલ્યુએસ/૧૦૨૦૧૩/૧૬૭/ખ-૪, તા.૧૫/૦૬/૨૦૧૫

૪. ચીફ જનરલ મેનેજરશ્રી (પ્રો.), ગુજરાત વૉટર ઈન્ફ્રાસ્ટ્રકચર લી., ગાંધીનગરના પત્ર ક્રમાંક:- જી.ડબલ્યુ.આઈ.એલ./૭૯૬/૨૦૧૮, તા.૧૬/૦૫/૨૦૧૮

**પ્રસ્તાવના:-**

રાજયમાં પાણી પુરવઠા વિભાગના ગુજરાત વૉટર ઈન્ફ્રાસ્ટ્રકચર લી. / ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ મારફતે સરદાર સરોવર નર્મદા નિગમ લિ. / જળસંપત્તિ વિભાગ હસ્તકના સ્રોતથી રોવૉટર ખરીદી કેટલાક મોટા / મધ્યમ સાઈઝના ઔદ્યોગિક એકમો માટે પાઈપલાઈન નાખી પંપીંગ કરીને તેમજ અન્ય તમામ જરૂરી ખર્ચાઓ કરી ઔદ્યોગિક એકમના ગેટ સુધી પાણી પહોંચાડવામાં આવે છે.

પાણીના ચુકવવામાં આવતા દરોમાં વધારો, પાણીનું વહન કરવા માટે વપરાતી વિજળીનો ખર્ચ, યોજનાની મરામત અને નિભાવણી, યોજનાનો ઘસારો તથા યોજના પાછળ થયેલ કેપીટલ ખર્ચ જેવાકે પંપીંગ સ્ટેશન, પાઈપલાઈન, વાલ્વ, સ્ટોરેજ સ્ટ્રક્ચરના ખર્ચના વ્યાજને ગણતરીમાં લેવામાં આવે તો હાલના પ્રવર્તમાન ૨૦૧૮-૧૯ના વર્ષ માટે પાણીના દર રૂ.૩૧.૯૪ (રૂ.૨૫.૯૪ + ૬.૦૦) પ્રતિ હજાર લીટર અને પાણી પહોંચાડવા માટેની પડતર કિંમતમાં ખૂબ જ મોટો તફાવત છે. જે ધ્યાને લેતા રાજયના ઔદ્યોગિક એકમોને અપાતા પાણી દર વધારવાની દરખાસ્ત ગુજરાત વૉટર ઈન્ફ્રાસ્ટ્રકચર લી., ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ નં.-૪ના પત્રથી કરવામાં આવેલ.

રાજયના ઔદ્યોગિક વપરાશ માટે પાણી પુરવઠા વિભાગ દ્વારા અપાતા પાણીના દરની સુધારણા માટેની દરખાસ્ત સરકારશ્રી કક્ષાએ વિચારણ હેઠળ હતી. જે અન્વયે પાણીના દરોમાં સુધારણા લાવવા માટે પૂખ્ત વિચારણાના અંતે રાજય સરકારે પાણી પુરવઠા વિભાગ દ્વારા અપાતા ઔદ્યોગિક વપરાશ માટેના પાણીના દર નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

Scanned by CamScanner

ઠરાવ:-

| | |
|---|---|
| વર્ષ ૨૦૧૮-૧૯ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. / જળસંપત્તિ વિભાગ દ્વારા આકારતા રોવોટર રેટ+ રૂ.૧૦.૦૦ પ્રતિ હજાર લીટર |
| વર્ષ ૨૦૧૯-૨૦ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. / જળસંપત્તિ વિભાગ દ્વારા આકારતા રોવોટર રેટ+ રૂ.૧૪.૦૦ પ્રતિ હજાર લીટર |
| વર્ષ ૨૦૨૦-૨૧ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. / જળસંપત્તિ વિભાગ દ્વારા આકારતા રોવોટર રેટ+ રૂ.૧૫.૪૦ (રૂ.૧૪.૦૦ માં ૧૦% નો વધારો) પ્રતિ હજાર લીટર |

ત્યાર પછીના વર્ષોમાં દર વર્ષે ૧૦% નો વધારો જ્યાં સુધી ગુજરાત વૉટર ઈન્ફ્રાસ્ટ્રકચર લી. / ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો વિતરણ ખર્ચ પૂરેપૂરો વસૂલ થઈ જાય ત્યાં સુધી કરવાનો રહેશે. ત્યાર પછી દર ત્રણ વર્ષે સરકારશ્રી દ્વારા દરની સમીક્ષા કરી શકાશે.

રાજ્ય સરકારના નિર્ણય મુજબ પાણી પુરવઠા વિભાગ દ્વારા અપાતા ઔદ્યોગિક વપરાશ માટેના પાણીના દરની અમલવારી તા.૦૧/૦૭/૨૦૧૮થી કરવા ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૦૬/૦૭/૨૦૧૮ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ડૉ. ધીમંત વ્યારા)
અધિક સચિવ (યોજના)

નકલ રવાના પ્રતિ:-

૧. માન. નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (અલગ પત્રથી)
૨. માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. માન. નાયબ મુખ્ય મંત્રીશ્રી (નાણાં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. માન. મંત્રીશ્રી (પા.પુ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૫. માન. રા.ક.મંત્રીશ્રી (પા.પુ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૬. મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૭. અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. અગ્ર સચિવશ્રી (પા.પુ.), ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. અગ્ર સચિવશ્રી (નર્મદા), ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. સચિવશ્રી (જળસંપત્તિ), ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૧. વહીવટી સંચાલકશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લી., સચિવાલય, ગાંધીનગર.
૧૨. ઉદ્યોગ કમિશ્નરશ્રી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
૧૩. વહીવટી સંચાલકશ્રી, ગુજરાત વૉટર ડેવલપમેન્ટ બોર્ડ, ગાંધીનગર.
૧૪. અધ્યક્ષશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ કચેરી, ગાંધીનગર.
૧૫. સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ કચેરી, ગાંધીનગર.
૧૬. મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત વૉટર ઈન્ફ્રાસ્ટ્રકચર લી., ગાંધીનગર.
૧૭. નાણાં નિયંત્રકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ કચેરી, ગાંધીનગર.
૧૮. ચીફ જનરલ મેનેજરશ્રી (ફાઈનાન્સ), ગુજરાત વૉટર ઈન્ફ્રાસ્ટ્રકચર લી., ગાંધીનગર.
૧૯. સીલેકટ ફાઈલ.

Scanned by CamScanner